સી.આર.સી. ભવન
કોટડા (ચકાર) ,તા.ભુજ-કચ્છ.
મો.૯૯૭૯૪૮૯૯૯૦
ઈ –મેઈલ :crckotda2013@gmail.com

પત્રક્રમાંક:સી.આર.સી./કોટડા/નિર્મળ ભારત /૨૦૧૪/૪૭ થી ૫૨ તા.૧૯/૨/૧૪

પ્રતિ,

આચાર્ય શ્રી ,

નાના બંદરા પ્રા.શાળા

તા.ભુજ (કચ્છ)

વિષય:નિર્મળ ભારત હેઠળ સ્વચ્છતા અને આરોગ્ય ઝુંબેશનું આયોજન કરવા બાબત

સંદર્ભ:તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી ભુજ-કચ્છના પત્ર નં.ભુતાપ/શિક્ષણ/નિર્મળ ભારત/સ્વચ્છતા/આરોગ્ય/ઝુંબેશ/આયોજન/૨૦૧૪ ,તા.૧૭/૨/૨૦૧૪

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે હાલમાં નિર્મળ ભારત અભિયાન અને સુખાકારીના પ્રચાર-પ્રસાર માટે સમગ્ર દેશ માં સ્વચ્છતા અને આરોગ્યની પ્રચાર ઝુંબેશ તા.૨૦/૨/૧૪ થી તા.૨૫/૨/૧૪ દરમ્યાન કરવામાં આવશે .આ અન્વયે નીચે જણાવેલ કાર્યક્રમો શાળામાં યોજવાના હોઈ તમામ શાળાઓ એ કાર્યક્રમો યોજવાના રહેશે .

| તારીખ | વાર | કાર્યક્રમની વિગત | રીમાર્ક |
|---|---|---|---|
| ૨૦/૨/૧૪ | ગુરુવાર | પ્રભાત ફેરી ,બેનર સાથે | શાળા સમય પહેલા |
| ૨૧/૨/૧૪ | શુક્રવાર | બાળ ચર્ચા સભા –વિષય-ગામ અને શાળાની સ્વચ્છતા માટે હું શું કરી શકું? | |
| ૨૨/૨/૧૪ | શનિવાર | નિબંધ સ્પર્ધા –વિષય-સ્વચ્છતા અને આરોગ્ય | |
| ૨૩/૨/૧૪ | રવિવાર | ભીંત સુત્રો લખવા અને પ્લાસ્ટિક ઝબલા/કચરાનો નિકાલ કરવો . | |
| ૨૪/૨/૧૪ | સોમવાર | ચિત્ર સ્પર્ધા-વિષય-આરોગ્ય અને સ્વચ્છતા | |
| ૨૫/૨/૧૪ | મંગળવાર | બાળકોમાં સ્વચ્છતાની જાળવણી માટે સ્થાનિક ડોક્ટર/આરોગ્ય કર્મચારી/એક્ષપર્ટ ને બોલાવવા વ્યખાન/પ્રવચન યોજવા | પ્રાર્થના ના સત્રમાં કાર્યક્રમ યોજવો . |

- આ કાર્યક્રમની ફોટોગ્રાફી કરવાની રહેશે અને ત્રણ જેટલા ફોટોગ્રાફ અહેવાલ સાથે મોકલવાના રહેશે .કાર્યક્રમના દિવસો દરમ્યાન "બાળ સ્વચ્છતા અદાલત" નાટિકાનું આયોજન કરવાનું રહેશે .
- તમામ કાર્યક્રમોમાં S.M.C. ના સદ્દસ્યશ્રીઓને હાજર રહેવા જાણ કરવી હાજર રાખવા .

મયુર ભાનુશાલી

સી.આર.સી.કો.ઓ.